# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-09-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

***************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીના યશોભૂમિ કેમ્પસમાં સેમિકોન ઇન્ડિયા 2026નું ઉદ્ઘાટન કર્યું.
2. પ્રધાનમંત્રીના જન્મદિવસ અને જાહેર સેવામાં તેમના 25 વર્ષ પૂર્ણ થવા નિમિતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે  વડનગરથી "સેવા સંકલ્પ અભિયાન"નો પ્રારંભ કરાવ્યો.
3. જન્મ અને મૃત્યુ નોંધણી (સુધારા) અધિનિયમ 1લી ઓક્ટોબરથી અમલમાં આવશે.
4. ભારતે આતંકવાદીઓને આશ્રય આપવા બદલ પાકિસ્તાનની આકરી ટીકા કરી.
5. 46મા વિશ્વ ચેસ   ઓલિમ્પિયાડના પ્રારંભે ગઇકાલે ભારતીય મહિલા ટીમે ડોમિનિકન ગણરાજ્યને 4-0થી હરાવ્યું.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM-SEMICON-INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીના યશોભૂમિ કેમ્પસમાં સેમિકોન ઇન્ડિયા 2026નું ઉદ્ઘાટન કર્યું. ત્રણ દિવસીય આ પરિષદ ભારતમાં સહયોગ , રોકાણ, નવીનતા અને પ્રતિભાને પ્રોત્સાહન આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

આ પ્રસંગે , શ્રી મોદીએ જણાવ્યું કે જ્યારે આપણી અર્થવ્યવસ્થા ઝડપથી પ્રગતિ કરી રહી છે, ત્યારે ભારતમાં વૈશ્વિક વિશ્વાસ પણ વધી રહ્યો છે

**(BYTE: PM--VISHVAKARMA-AND-VIKSIT-BHARAT)**

તેમણે જણાવ્યું કે દેશનો દરેક નાગરિક વિકસિત ભારત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. ભારતનું સેમિકન્ડક્ટર ઇકોસિસ્ટમ ઝડપથી વિસ્તરી રહ્યું છે, જે નવીનતા, રોકાણ અને વૃદ્ધિ માટે નવી તકો ખોલી રહ્યું છે.

**(BYTE: PM-SEMI)**

ઉલ્લેખનીય છે કે 600 થી વધુ પ્રદર્શકો, 300 આંતરરાષ્ટ્રીય કંપનીઓ અને 50 થી વધુ દેશોના પ્રતિનિધિમંડળો આ પરિષદ ભાગ લઈ રહ્યા છે. વૈશ્વિક અને ભારતીય કંપનીઓ, નીતિ નિર્માતાઓ , રોકાણકારો, સંશોધકો, સ્ટાર્ટઅપ્સ, શૈક્ષણિક સંસ્થાઓ અને સેમિકન્ડક્ટર અને ઇલેક્ટ્રોનિક્સ ક્ષેત્રના વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. આ પ્રદર્શનમાં જાપાન, દક્ષિણ કોરિયા, મલેશિયા, નેધરલેન્ડ, સિંગાપોર અને સ્વીડનના છ દેશના પેવેલિયન, ભારતની બાર રાજ્ય સરકારોના પેવેલિયન અને એક સ્ટાર્ટઅપ પેવેલિયનનો સમાવેશ થાય છે

# AMIT SHAH

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ અને તેમના 25 વર્ષના જાહેર સેવાના અવસરે તેમના વતન વડનગરથી એક મહિના સુધી ચાલનારા "સેવા સંકલ્પ અભિયાન"નો પ્રારંભ કરાવ્યો. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને કેન્દ્રીય મંત્રી અનુપ્રિયા પટેલ પણ હાજર રહ્યા હતા. ઉજવણીના ભાગ રૂપે , કેન્દ્રીય ગૃહમંત્રીએ વડનગરથી વારાણસી સુધીની બાઇક રેલીને લીલી ઝંડી પણ આપી

આ પ્રસંગે બોલતા શ્રી શાહે કહ્યું કે પીએમ મોદીના જાહેર જીવનને "રાષ્ટ્ર પ્રથમ" ના સિદ્ધાંત દ્વારા શ્રેષ્ઠ રીતે વર્ણવી શકાય છે.

(BYTE: AMIT SHAH)

ગૃહમંત્રીએ જણાવ્યું કે મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી તરીકેના તેમના 25 વર્ષથી વધુના સતત કાર્યકાળ દરમિયાન, તેમના પર ભ્રષ્ટાચાર કે ખોટા કામનો આરોપ મૂકવામાં આવ્યો નથી.

શ્રી શાહે પીએમ મોદીના નેતૃત્વ હેઠળ થયેલા નોંધપાત્ર પરિવર્તન વિશે વાત કરી , જેણે ભારતને વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રમાં પરિવર્તિત કર્યું છે. તેમણે બંદરો, રસ્તાઓ, એરપોર્ટ અને ડિજિટલ નેટવર્કમાં નોંધપાત્ર માળખાકીય વિકાસ પર પણ પ્રકાશ પાડ્યો, જેણે ભારતને વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર બનાવ્યું છે.

વડનગરમાં પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે અનેક કલ્યાણકારી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અન્ય અગ્રણી મહાનુભાવો સાથે ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવ ખાતે ભવ્ય મહાઆરતીમાં ભાગ લીધો હતો. મહાનુભાવોએ તળાવથી હાટકેશ્વર મંદિર સુધીની પગપાળા યાત્રામાં પણ ભાગ લીધો હતો અને પ્રાર્થના કરી હતી. ગૃહમંત્રી અમિત શાહે વડનગર રેલ્વે સ્ટેશન પર સ્વચ્છતા અભિયાનમાં પણ ભાગ લીધો હતો.

# BJP-SEVA-SANKALP-ABHIYAAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ અને તેમના જાહેર સેવામાં 25 વર્ષ પૂર્ણ થવાના અવસરે , ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે દેશભરમાં સેવા સંકલ્પ અભિયાનનો પ્રારંભ કરાયો છે

એક મહિનો ચાલનાર આ અભિયાનનો આજે પહેલો દિવસ સેવા દિવસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે , જેના અંતર્ગત દેશભરમાં રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. પાર્ટી પ્રમુખ નીતિન નવીને નવી દિલ્હીમાં પક્ષ કાર્યાલય ખાતે રક્તદાન શિબિરનું ઉદ્ઘાટન કર્યું. શ્રી નવીન સાથે પાર્ટીના અન્ય નેતાઓ અને કાર્યકરોએ પણ રક્તદાન કર્યું. બાદમાં આ પ્રસંગે મીડિયા સાથે વાત કરતા શ્રી નવીને કહ્યું કે પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં ભારત 2047 સુધીમાં વિકાસ ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે વિકાસના માર્ગ પર ઝડપથી આગળ વધી રહ્યું છે.

દિલ્હીમાં, મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ ખાટુ શ્યામ મંદિરમાં હવન કર્યું. બાદમાં મીડિયા સાથે વાત કરતાં, શ્રીમતી ગુપ્તાએ કહ્યું કે શ્રી મોદીના જાહેર સેવા પર સતત ભારથી પ્રેરિત થઈને, દિલ્હી સરકારે આજે વિવિધ સરકારી કાર્યક્રમોનું આયોજન કર્યું છે.

# PM VISHWAKARMA

પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના ને આજે ત્રણ વર્ષ પૂર્ણ થયા છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2023 માં આ દિવસે આ યોજના શરૂ કરી હતી. તેનો ઉદ્દેશ્ય 18 પસંદગીના પરંપરાગત વ્યવસાયોમાં રોકાયેલા કારીગરોને સંપૂર્ણ સહાય પૂરી પાડવાનો છે.

આ યોજના સહાયનું એક વ્યાપક પેકેજ પ્રદાન કરે છે , જેમાં પીએમ વિશ્વકર્મા પ્રમાણપત્રો અને ઓળખ કાર્ડ દ્વારા માન્યતા , કૌશલ્ય વિકાસ, ટૂલકીટ પ્રોત્સાહનો, લોન સહાય, ડિજિટલ વ્યવહારો માટે પ્રોત્સાહનો અને માર્કેટિંગ સપોર્ટનો સમાવેશ થાય છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# BIRTHS---DEATHS-ACT

જન્મ અને મૃત્યુ નોંધણી (સુધારા) અધિનિયમ 1લી ઓક્ટોબરથી અમલમાં આવશે.

સંસદના બંને ગૃહો દ્વારા પસાર કરાયેલ જન્મ અને મૃત્યુ નોંધણી (સુધારા) બિલ, 2026, ગયા મહિને રાષ્ટ્રપતિની સંમતિ મેળવ્યા પછી કાયદો બન્યો છે. આ કાયદાનો ઉદ્દેશ્ય જન્મ અને મૃત્યુ નોંધણીમાં વિલંબ અટકાવવા અને સમયસર નોંધણીને પ્રોત્સાહન આપવાનો છે.

આ કાયદામાં એવી જોગવાઈ છે કે જો કોઈ જન્મ કે મૃત્યુની જાણ રજિસ્ટ્રારને એક વર્ષ કરતાં વધુ સમય બાદ પરંતુ બે વર્ષની અંદર કરવામાં આવે , તો તે જિલ્લા મેજિસ્ટ્રેટ , સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ અથવા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની મંજૂરીથી જ નોંધણી કરાવી શકાશે. જો કોઈ જન્મ કે મૃત્યુની જાણ રજિસ્ટ્રારને બે વર્ષ કરતાં વધુ સમય બાદ કરવામાં આવે, તો ફક્ત પ્રથમ વર્ગના ન્યાયિક મેજિસ્ટ્રેટના આદેશ પર જ નોંધણી કરાવી શકાશે. આ કાયદામાં નિયુક્ત અધિકારીએ વિલંબિત નોંધણી કરતાં પહેલા તે જન્મ કે મૃત્યુની સત્યતા ચકાસવા પણ જણાવાયું છે.

# INDIA-CONDEMNS-PAK

ભારતે આતંકવાદીઓને આશ્રય આપવા બદલ પાકિસ્તાનની આકરી ટીકા કરી છે.

અફઘાનિસ્તાનની પરિસ્થિતિ પર સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠકમાં ભારતના કાયમી પ્રતિનિધિ પી. હરીશે પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ અને યુનાઇટેડ સ્ટેટ્સમાં 11 સપ્ટેમ્બરના આતંકવાદી હુમલા માટે જવાબદાર અલ-કાયદા વચ્ચે સીધો સંબંધ હોવાનો ઉલ્લેખ કર્યો. તેમણે આતંકવાદીઓ તેમજ તેમને મદદ , નાણાં, સમર્થન અને આશ્રય આપનારાઓ સામે કાર્યવાહી કરવાની વિનંતી કરી. તેમણે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠનો અને તેમના સહયોગીઓ દ્વારા ઉભા થતા સતત જોખમનો પણ ઉલ્લેખ કર્યો હતો અને યુએન પ્રતિબંધોથી બચવા માટે અલગ અલગ ઓળખ હેઠળ કાર્ય કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય સમુદાયે આતંકવાદીઓના સુરક્ષિત આશ્રયસ્થાનો સામે અસરકારક પગલાં લેવા જોઈએ

# HEALTH---DRUG-RULES

પરિવાર કલ્યાણ મંત્રાલયે શેડ્યૂલ H, H1 અને X દવાઓના નિયમનકારી દેખરેખને મજબૂત બનાવવા માટે ડ્રગ નિયમો, 1945 માં સુધારા પ્રસ્તાવિત કર્યા છે.

પ્રસ્તાવિત સુધારાઓમાં આ દવાઓના અનધિકૃત વેચાણ સંબંધિત છટકબારીઓને દૂર કરવાનો પ્રયાસ કરાયો છે. આ ઉપરાંત મેડિકલ સ્ટોર્સ પર ફરજિયાત CCTV દેખરેખની ભલામણ કરવામાં આવી છે. મંત્રાલયે 30 દિવસની અંદર પ્રસ્તાવિત સુધારાઓ પર હિસ્સેદારો અને લોકો પાસેથી વાંધા અને સૂચનો મંગાવ્યા છે.

# WORLD CHESS OLYMPIAD

ભારતીય મહિલા ટીમે ગઈકાલે ઉઝબેકિસ્તાનના સમરકંદમાં 46મા વિશ્વ ચેસ ઓલિમ્પિયાડમાં ડોમિનિકન ગણરાજ્ય સામે 4-0થી શાનદાર વિજય સાથે પોતાના અભિયાનની શરૂઆત કરી. ટોચના ક્રમાંકિત ભારતીય કોનેરુ હમ્પીએ ફ્રેન્ચેસ્કા રામિરેઝ લુઝોનને હરાવી, જ્યારે આર વૈશાલીએ મિગુએલિના ડી લા રોઝા માર્ટિનેઝ સામે વિજય મેળવ્યો.

ડી ગુકેશ , નિહાલ સરીન અને વિદિત ગુજરાથીની ભારતીય પુરુષ ટીમે થાઇલેન્ડ પર 3-1થી વિજય નોંધાવીને પોતાના અભિયાનની શરૂઆત કરી. નિહાલ થાનાડોનને હરાવીને જીત મેળવનાર પ્રથમ ભારતીય બન્યો હતો.

# J-K-TERRORISTS-KILLED

જમ્મુ અને કાશ્મીરમાં , ઉધમપુર જિલ્લાના બ્રતાલ વિસ્તારમાં સંયુક્ત આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં આજે બે આતંકવાદીઓને ઠાર મરાયા છે. સુરક્ષા દળોને આ વિસ્તારમાં આતંકવાદીઓની હાજરી અંગે માહિતી મળ્યા બાદ ગઈકાલે રાત્રે આ કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. સેનાએ જણાવ્યું છે કે કામગીરી હજુ પણ ચાલુ છે, અને વિસ્તારમાં શોધ અને દેખરેખ કામગીરી કરાઇ રહી છે.

# MADURAI-MEENAKSHI TEMPLE

તમિલનાડુના પ્રખ્યાત મદુરાઈ મીનાક્ષી મંદિરમાં મહા કુંભભિષેકમ સમારોહ આજે સત્તર વર્ષ પછી ખૂબ જ ભક્તિભાવ સાથે સંપન્ન થયો.

આ સમારોહની શરૂઆત પુજારીઓએ બાર ગોપુરમ પર પવિત્ર જળ અર્પણ કરીને અને પૂજા કરીને કરી હતી. મહા કુંભભિષેકમના આ ઐતિહાસિક પ્રસંગે હજારો ભક્તો હાજર રહ્યા હતા . રાજ્ય મંત્રી સી.ટી.આર. નિર્મલ કુમારે પણ સમારોહમાં હાજરી આપી હતી.